### ‘જય બહુચર’ના નાદ સાથે કારેલીબાગના પૌરાણિક મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

# વડોદરામાં ચૈત્ર નવરાત્રીનો મંગલ પ્રારંભ

**ગુડી** પડવાના પવિત્ર અવસરે શાસ્ત્રોક્ત વિધિથી ગુડી પૂજન કરાયું; આદ્યશક્તિની આરાધના માટે મંદિરોમાં વહેલી સવારથી જ કતારો લાગી

(પ્રતિનિધિ) વડોદરા. તા.19

આજથી પવિત્ર ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થયો છે, ત્યારે વડોદરા શહેરના વિવિધ માઈ મંદિરોમાં વહેલી સવારથી જ ‘જય માતાજી’ના નાદ સાથે ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત અને સુપ્રસિદ્ધ પૌરાણિક શ્રી બહુચરાજી માતાજીના મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસને ‘ગુડી પડવો’ તરીકે પણ ઉજવવામાં આવે છે. પરંપરા મુજબ બહુચરાજી મંદિર ખાતે શાસ્ત્રોક્ત વિધિથી ગુડીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. મંદિરના પુજારી બિરેન રમેશચંદ્રએ જણાવ્યું હતું કે, શાસ્ત્રોમાં ચૈત્ર નવરાત્રીનું વિશેષ મહત્વ છે. આ નવ દિવસો દરમિયાન ભક્તો વ્રત, જપ, તપ, અનુષ્ઠાન અને દાન કરીને માતાજીની આરાધના કરે છે. વિદ્વાન ભૂદેવો દ્વારા આ દિવસોમાં સંપૂટ ચંડીપાઠ, દેવીયાગ અને નવાણ મંત્રના જાપ કરવામાં આવે છે.

આગામી તારીખ 26 માર્ચ 2026, ગુરુવારના રોજ અષ્ટમી હોવાથી મંદિરમાં પરંપરાગત રીતે હોમ-હવનનું આયોજન કરવામાં આવ્યું છે. તે દિવસે મંદિર સવારે 7:00 કલાકે ખુલશે અને રાત્રે 9:00 કલાકે બંધ થશે. ભક્તો માતાજીને શ્રીફળ અને ચુંદડી અર્પણ કરી પોતાની મનોકામના પૂર્ણ કરવા પ્રાર્થના કરે છે. આજે નવરાત્રીના પ્રારંભે વડોદરાના અન્ય મંદિરોમાં પણ માતાજીના નવ સ્વરૂપોનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું અને ભક્તોએ વહેલી સવારથી જ માતાજીના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

**પૌરાણિક કથા**

પુજારીજીએ વધુમાં ઉમેર્યું હતું કે, ધાર્મિક દૃષ્ટિકોણથી આ માસ ખૂબ જ પવિત્ર છે કારણ કે:

- ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસે બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યું હતું.
- ત્રીજા દિવસે ભગવાન વિષ્ણુએ મત્સ્ય અવતાર ધારણ કર્યો હતો.
- નવમા દિવસે (રામ નવમી) ભગવાન વિષ્ણુએ શ્રી રામ તરીકે અવતાર લીધો હતો.
- ચૈત્ર સુદ પૂનમના દિવસે હનુમાનજી મહારાજનો જન્મ થયો હતો.




### પાલિકાનું ‘વન ડે વન રોડ’ મિશન માત્ર દેખાડો?

# કારેલીબાગમાં જાહેર માર્ગ પર ઊભી રહેતી શાકભાજીની લારીઓ અને પાર્કિંગ સામે તંત્રના આંખ આડા કાન

**મોટા** માથાઓ સામે તંત્ર નતમસ્ત, સામાન્ય લારી-ગલ્લાવાળા પર જ ગાજ!

(પ્રતિનિધિ) વડોદરા તા.19

તાજેતરમાં કારેલીબાગ વિસ્તારમાં હાથ ધરાયેલી કામગીરીમાં ફરીવાર પાલિકાની બેધારી નીતિ છતી થઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કારેલીબાગ જાહેર માર્ગ પર ઊભા રહેતા શાકભાજીની લારીઓવાળા અને વાહનોના પાર્કિંગના કારણે ફૂટપાથ અને અડધો રસ્તો દબાવી દીધો છે. જેના કારણે બહાર ગ્રાહકોના વાહનોના આડેધડ પાર્કિંગને કારણે રસ્તો સાંકડો થઈ જાય છે અને દરરોજ ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાય છે. તેમ છતાં, પાલિકાની દબાણ શાખા આ મોટા એકમો સામે કાર્યવાહી કરવાને બદલે માત્ર નાના પાથરણાવાળાઓને જ નિશાન બનાવી રહી છે. શું આ મોટા માથાઓ પર પાલિકાના ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદ છે? તેવો ગંભીર સવાલ ઉઠી રહ્યો છે.

કારેલીબાગના જાગૃત નાગરિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, “પાલિકાની ટીમ આવે ત્યારે માત્ર રોજીરોટી કમાતા નાના શાકભાજીવાળા કે પથારાવાળાઓનો સામાન જપ્ત કરીને સંતોષ માની લે છે. વર્ષોથી જે મોટા ગજાના વ્યાપારી દબાણો ટ્રાફિકને નડે છે, તેને અડવાની પણ કોઈ હિંમત કરતું નથી. ‘વન ડે વન રોડ’ મિશનમાં જો ખરેખર રોડ ચોખ્ખા કરવા હોય, તો ભેદભાવ વગર તમામ વગદાર લોકોના દબાણો પણ દૂર કરવા જોઈએ.”



**નિરીક્ષણ માત્ર ફોટો સેશન પૂરતું?**

એક તરફ મ્યુનિસિપલ કમિશનર કરોડોના પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ વર્ષો જૂના આ કાયમી વેપારી દબાણો તેમની નજરે કેમ નથી ચઢતા? તે પણ એક તપાસનો વિષય છે. સ્થાનિકોની માંગ છે કે જો પાલિકા ખરેખર શહેરનો વિકાસ કરવા માંગતી હોય, તો હોટલો અને મોટા વ્યાપારી સંકુલ બહાર થતા ગેરકાયદેસર દબાણો અને આડેધડ પાર્કિંગ સામે કડક દંડનાત્મક કાર્યવાહી કરવી જોઈએ.

# ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મહિલાનું 2.15 લાખની મતા ભરેલું પર્સ ચોરાયું

**મહિલા** પોતાના પતિ સાથે ભુજથી મુંબઈ જઈ રહ્યા હતા, દંપતી ઊંઘી ગયું હતું ત્યારે મોડી રાત્રિના ગઠીયાએ ખેલ પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

મુંબઈ ખાતે રહેતી મહિલા પોતાના પતિ સાથે ભુજ એક્સપ્રેસ ટ્રેનમાં બેસીને પરત આવી રહ્યા હતા. દરમિયાન સાથે ટ્રેનમાં દંપતિ ઊંઘી જતા મોડી રાત્રિના સમયે તેમનો રૂપિયા 2.15 લાખની મતા ભરેલું પર્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ઊંઘમાંથી જાગ્યા બાદ મહિલાને પર્સ નહીં જોવા મળતા શોધખોળ કરી પરંતુ કોઈ પતો લાગ્યો ન હોય પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મુંબઈ ખાતે રહેતા રીટાબેન કેતનભાઇ શાહ તેમના પતિ સાથે ભુજથી મુંબઈ જવા માટે ભુજ એક્સપ્રેસમાં મુસાફરી કરી રહ્યા હતા. તેઓ કોચ A/1 માં સીટ નં. 45 પર બેઠા હતા અને રાત્રિના સમયે પોતાનું લેડીઝ હેન્ડપર્સ માથા પાસે રાખીને ઊંઘી ગયા હતા.

આ દરમિયાન 28 ફેબ્રુઆરીના રોજ મધરાતે આશરે 1:05 થી 1:20 વાગ્યાના સમયગાળા દરમિયાન ટ્રેન વડોદરા રેલ્વે સ્ટેશન નજીક ધીમી ગતિએ પસાર થઈ રહી હતી. ત્યારે ચોરે તકનો લાભ લઈ હેન્ડપર્સ ચોરી લીધો હતો. ઊંઘમાંથી જાગ્યા હતા ત્યારે તેમને પોતાનું પર્સ સીટ પર જણાય આવ્યું ન હતું. જેથી તેઓએ કોચમાં શોધખોળ કરી હતી પરંતુ પર્સ મળી આવ્યું નહોતું.

15 ગ્રામ સોનાની કાનની વેઢી રૂ. 1.5 લાખ, રૂ. 15 હજાર રોકડ, આધારકાર્ડ, પાનકાર્ડ, બેંકના બે ક્રેડિટ કાર્ડ તેમજ ઘરની ચાવીઓ સહિત કુલ રૂ. 2.15 લાખનો મુદ્દામાલ મૂકેલો હતો. રીટાબેનની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પગાર સહિતના પડતર પ્રશ્ને આંગણવાડી બહેનોની હડતાળ યથાવત

# બદામડીબાગ ખાતે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન

**સરકાર** દ્વારા માંગણી સંતોષવામાં નહિ આવેતો આંદોલન તેજ બનાવવા ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા આંગણવાડી બહેનોની સતત બીજા દિવસે પણ હડતાળ યથાવત રાખવામાં આવી હતી. શહેરના બદામડી બાગ ખાતે કર્મચારીઓએ બેનર પોસ્ટર સાથે ધરણા કરી પોતાની પડતર માંગોને લઈ વિરોધ નોંધાવ્યો હતો.

પગાર વધારો, સમયસર પગારની ચૂકવણી, સુધારેલા ગ્રેડ-પે, બોનસ, મેડિકલ સુવિધા અને પેન્શન જેવી માંગો સાથે આંગણવાડી મહિલા કાર્યકરોએ સૂત્રોચાર કર્યા હતા. આ હડતાલને કારણે શહેરની અનેક આંગણવાડીઓમાં કામગીરી પર આંશિક અસર વર્તાય છે. જેના કારણે બાળકો અને માતાઓ પર તેની અસર પડી છે. બાળકોને પોષણ આહાર અને પ્રીસ્કૂલ શિક્ષણ મળવામાં વિલંબ થઈ રહ્યો છે. સંગઠનની મહિલા આગેવાનોએ જણાવ્યું હતું કે, સરકાર તરફથી હજી સુધી કોઈ સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી અને માંગો પુરી નહીં થાય ત્યાં સુધી હડતાલ ચાલુ રહેશે. બહેનોનો પગાર વધે એ જ અમારી મુખ્ય માંગણી છે.

વર્ષ 2022 પછી પગારમાં વધારો કરવામાં આવ્યો નથી. હાઈકોર્ટ ઓગસ્ટ 2025 માં ચુકાદો આપેલો છે કે, કાર્યકર બહેનનો 24,800 પગાર અને હેલ્પર બહેનોનો 20,300 પગાર એટલો આપવાનો છે. હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો છે એ સમજી વિચારીને ચૂકાદો આપ્યો હશે, તો સરકાર હજી સુધી એનો અમલ કરી રહી નથી. એનું કારણ અમને કઈ જણાતું નથી. અમને હાઈકોર્ટના ચુકાદા પ્રમાણે અમારો પગાર વધે એ અમારી સરકારને વિનંતી છે. જો માંગણીઓ સંતોષવામાં નહિ આવેતો હડતાળ યથાવત રહેશેની ચીમકી પણ આંગણવાડી કાર્યકરોએ ઉચ્ચારી હતી.



# ગેસ લાઈનના કામગીરી દરમિયાન શોર્ટ સર્કિટથી શ્રમિકનું કરુણ મોત

**સેફ્ટીના** સાધનો વિના કામ કરાવતા રાજસ્થાની શ્રમિકે જીવ ગુમાવ્યો: તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

શહેરના વડસર રોડ પર આવેલી વલ્લભ વાટિકા સોસાયટીમાં ગેસ લાઈનની કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. વડોદરા ગેસ લિમિટેડ દ્વારા સોંપવામાં આવેલા કામ દરમિયાન સુરક્ષાના સાધનોના અભાવે 35 વર્ષીય શ્રમિકને વીજ કરંટ લાગતા ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી મુજબ, વડસર રોડ પર આવેલી વલ્લભ વાટિકા સોસાયટીના રહીશોએ ગેસ લાઈનના કામ માટે વડોદરા ગેસ લિમિટેડને રજૂઆત કરી હતી. VGL દ્વારા આ કામનો કોન્ટ્રાક્ટ ખાનગી એજન્સીને આપવામાં આવ્યો હતો. આજે જ્યારે ગેસ લાઈન માટે ખોદકામ અને ફિટિંગની કામગીરી ચાલી રહી હતી, ત્યારે અચાનક સર્જાયેલી દુર્ઘટનામાં હરિયાભાઈ (ઉંમર 35 વર્ષ) નામનો શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને તેનું ટૂંકી જ વારમાં મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ગરીબ શ્રમિકના મોતને પગલે સોસાયટીના રહીશોએ તંત્ર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. લોકોએ સવાલ ઉઠાવ્યો હતો કે, “શું એક ગરીબ મજૂરના જીવની કોઈ કિંમત નથી?” કોઈપણ સુરક્ષા વગર કામ કરાવનારા કોન્ટ્રાક્ટર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. હાલમાં પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. શ્રમિકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે અને તેના પરિવારને જાણ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

# ગોરવા પંચવટી વિસ્તારમાં SMCની રેડ, સ્થળ ઉપરથી લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો

**દારૂ** ખરીદવા આવેલા ગ્રાહકોને પણ દબોચી લેવાયા, બુટલેગર ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.19

ગોરવા વિસ્તારના પંચવટી વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રેડ દરમિયાન સ્થળ પરથી લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. દારૂ લેવા માટે આવેલા ગ્રાહકોને દબોચી લેવામાં આવ્યા હતા. પોલીસના દરોડા દરમિયાન મુખ્ય બુટલેગર સ્થળ પરથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. વિદેશી દારૂ અને 11 વાહનો મળી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વડોદરા શહેર અને જિલ્લામાં અવારનવાર વિદેશી દારૂની હેરાફેરી તેમજ જુગારના અડ્ડાઓ પર સપાટો બોલાવવામાં આવતો હોય છે. એસએમસીની ટીમને બાતમી મળી હતી કે ગોરવા પંચવટી વિસ્તારમાં બુટલેગર ભાવેશ દ્વારા મોટી માત્રામાં વિદેશી દારૂ ઉતારવામાં આવે છે અને તેનું બેફામ રીતે વેચાણ કરવામાં આવે છે. તે આધારે 19 માર્ચના રોજ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગોરવા પંચવટી વિસ્તારમાં ગંગાનગર કેનાલ પાસે રેડ કરવામાં આવી હતી. જેમાં સ્થળ પરથી લાખોની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત દારૂ ખરીદવા માટે આવેલા કેટલાક ગ્રાહકોને પણ ઝડપી પાડવામાં આવ્યા છે. એસએમસીએ વિદેશી દારૂનો જથ્થો અને 11 વાહનો મળી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી જવાહરનગર પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપ્યો છે. સૂત્રો મુજબ, જપ્ત કરાયેલ દારૂની કિંમત લાખોમાં હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે અને તેની ચોક્કસ કિંમત અંગે તપાસ ચાલી રહી છે. એસએમસીની રેડના પગલે ગોરવા વિસ્તારમાં ગેરકાયદે દારૂના વેપારમાં સંકળાયેલા તત્વોમાં ભયનો માહોલ ફેલાયો છે.



# આમરોલી ગામે સરકારી જમીનમાંથી 25 વૃક્ષો કાપી લાકડાની ચોરી

**મામલતદાર** દ્વારા તપાસ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) નસવાડી તા.19

નસવાડી તાલુકાના આમરોલી ગામે સર્વે નંબર 12ની સરકારી પડતર જમીનમાંથી અંદાજે 25 જેટલા વૃક્ષો લાકડા ચોરો દ્વારા કાપી લઈ જવામાં આવ્યા હોવાની ઘટના સામે આવતા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. આ બનાવથી ગ્રામ પંચાયત સહિત સ્થાનિક સત્તાધીશો પણ ચિંતિત બન્યા છે.

ઘટનાની જાણ થતા નસવાડીના ઈન્ચાર્જ મામલતદાર નીતિનભાઈ દરજી તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. સ્થાનિક લોકોના નિવેદનો આધારે પાંચ જેટલા શંકાસ્પદ લોકોના નામ સામે આવ્યા છે. તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કપાયા હોવા છતાં વનવિભાગ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હોવા અંગે સવાલો ઉઠી રહ્યા છે. સામાન્ય રીતે વનવિભાગની મંજૂરી વિના વૃક્ષો કાપી શકાતા નથી, ત્યારે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ લાંબા સમય સુધી કેવી રીતે ચાલુ રહી તે ચર્ચાનો વિષય બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી નસવાડી તાલુકામાં વૃક્ષ નિકંદનની પ્રવૃત્તિ વધતી જતી જોવા મળી રહી છે, જે પર્યાવરણ માટે ચિંતાજનક છે. કાપવામાં આવેલા લાકડાં બોડેલી, સંખેડા સહિત અન્ય વિસ્તારોમાં લઈ જવામાં આવતા હોવાની પણ માહિતી મળી રહી છે.



### વડોદરાના વહાલની ગુંજ પશ્ચિમ બંગાળ સુધી,

# 5 મહિનાથી વિખૂટી પડેલી 7 વર્ષની માસૂમ દીકરીનું પરિવાર સાથે મિલન

**જિલ્લા** બાળ સુરક્ષા એકમ અને હરસિદ્ધિ ચિલ્ડ્રન હોમના સંયુક્ત પ્રયાસોથી ભાષા અને અંતરના અવરોધો પાર કરી દીકરીને વતન પહોંચાડાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.19

આધુનિક ટેકનોલોજીના યુગ વચ્ચે માનવીય સંવેદનાઓના ઉદાહરણરૂપ એક અનોખો કિસ્સો વડોદરામાં સામે આવ્યો છે. પશ્ચિમ બંગાળના 24 પરગના જિલ્લાના ‘પ્યાલી’ ગામની 7 વર્ષની બાળકી પાંચ મહિના પહેલા ટ્રેનમાં ભટકી વડોદરા પહોંચી હતી. પરિવારથી વિખૂટેલી આ બાળકી પાસે કોઈ ઓળખ કે સરનામું નહોતું અને તે માત્ર બંગાળી ભાષા જ બોલતી હતી.

વડોદરા રેલવે સ્ટેશન પર મળી આવેલી આ બાળકીની જવાબદારી જિલ્લા બાળ સુરક્ષા એકમ અને હરસિદ્ધિ ચિલ્ડ્રન હોમ સંસ્થાએ સંભાળી. ભાષાની મુશ્કેલી અને બાળકીએ સ્પષ્ટ માહિતી ન આપી શકવાને કારણે તેની ઓળખ શોધવી મુશ્કેલ બની હતી. છતાં સુરક્ષા અધિકારી રિતેશ ગુપ્તા, અધિક્ષક હેતાશ્રી બ્રહ્મભટ્ટ અને કાઉન્સેલર જાનવીબેન સહિતની ટીમે સતત કાઉન્સેલિંગ અને પ્રયત્નો ચાલુ રાખ્યા. સામાજિક કાર્યકર સપનાબેન ભાષાના સેતુ બની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે બાળકીનો પરિવાર આર્થિક રીતે નબળો હોવાથી વડોદરા આવી શકતો નહોતો. તેથી બાળ કલ્યાણ સમિતિએ જાતે બાળકીને ઘરે પહોંચાડવાનો નિર્ણય લીધો. ચેરમેન મેહુલભાઈ લાખાણી સહિતની ટીમ કોલકાતા પહોંચી અને ત્યાંની સમિતિ સાથે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી બાળકીનું સુખદ પુનઃસ્થાપન કર્યું. આ કાર્યમાં જિલ્લા અધિકારીઓ અને સમિતિના સભ્યોના સંકલનથી સફળતા મળી. પાંચ મહિનાની મહેનત પછી બાળકી જ્યારે માતા-પિતાને મળી, ત્યારે તેમની આંખોમાંના આનંદાશ્રુ જ આ પ્રયત્નનું સાચું ફળ સાબિત થયા.



# દાંડિયાબજાર ‘સારા ગણદેવીકર જ્વેલર્સ’ ખાતે ગુડી પડવાની ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા તા.19

સંસ્કારી નગરી વડોદરામાં ચૈત્ર સુદ એકમ એટલે કે ગુઢી પાડવા અને હિંદુ નવવર્ષની ઉજવણીનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પવિત્ર અવસરે શહેરના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલ સુપ્રસિદ્ધ ‘સારા ગણદેવીકર જ્વેલર્સ’ ખાતે ગણદેવીકર પરિવાર દ્વારા પરંપરાગત રીત-રિવાજો સાથે નવા વર્ષનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

જ્વેલર્સના માલિક સુનિલભાઈ ગણદેવીકર અને તેમના પરિવાર દ્વારા શોરૂમ ખાતે ગુઢીનું સ્થાપન કરી વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિઓ સાથે સંપન્ન થયેલા આ કાર્યક્રમમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. હિંદુ સંસ્કૃતિમાં ગુઢી પાડવાનું વિશેષ મહત્વ હોવાથી, પરંપરાને જાળવી રાખવા માટે આ આયોજન દર વર્ષે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે. આ પ્રસંગે સંસ્થાના તમામ કર્મચારીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા. પૂજન બાદ સૌએ એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. ગણદેવીકર પરિવારે આ તકે જણાવ્યું હતું કે, વેપારની સાથે ધર્મ અને સંસ્કારોનું જતન કરવું એ જ અમારી પરંપરા રહી છે.

# મેથી ગામે જસુબા હાઈસ્કૂલમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ઈકો-ફ્રેન્ડલી માળા બનાવવાની કાર્યશાળા

**વિદ્યાર્થીઓમાં** પર્યાવરણ જાગૃતિ અને જીવદયાની ભાવના વિકસાવવા અનોખો ઉપક્રમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

દર વર્ષે 20 માર્ચને વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નાના પક્ષીઓનું સંરક્ષણ પણ માનવ જીવન જેટલું જ મહત્વપૂર્ણ છે. હાલમાં વધતા શહેરી વિકાસ, મોબાઈલ ટાવરો તથા પ્રદૂષણના કારણે ચકલીઓની સંખ્યા સતત ઘટી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાનગી સંસ્થામાં સંયુક્ત ઉપક્રમે કરજણના મેથી ગામે આવેલી પૂજ્યશ્રી જસુબા સ્વામી વિદ્યામંદિર ખાતે વિદ્યાર્થીઓ દ્વારા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને ઈકો-ફ્રેન્ડલી માળા બનાવવાની કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળામાં અંદાજે 120 વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સંસ્થાના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ 120 માળાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. દિવ્યેશભાઈ ત્રિવેદી દ્વારા માળા બનાવવાની પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે માળાના યોગ્ય માપ તેમજ ઘાસ, સુકા પાન, સળી, કાંતણ, સૂતળી, દોરી અને રંગીન કાગળ જેવી સામગ્રીનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિગતવાર સમજ આપી હતી. અંતે વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા માળાઓને શાળાના પટાંગણમાં આવેલા વૃક્ષો પર લગાવવામાં આવ્યા હતા. શાળાના ઈન્ચાર્જ આચાર્ય નરેન્દ્રસિંહ બી.મહીડાએ જણાવ્યું હતું કે, આ પ્રકારની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ તેમજ જીવદયાની ભાવના વિકસશે અને શાળાનું પ્રટાંગણ ચકલીઓના કલરવથી ગુંજી ઉઠશે.



# FICCI FLO “પાવર એન્ડ પર્પઝ એવોર્ડ્સ”થી સન્માન

7,200 વૃક્ષો વાવ્યા અને 1,900 કિલો ઈ-વેસ્ટનું સંચાલન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.19

FICCI FLO વડોદરા દ્વારા ચેન્જ ઓફ ગાર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું, જેમાં નેતૃત્વ પરિવર્તન સાથે મહિલા સશક્તિકરણ અને સામાજિક વિકાસની ભાવનાનો ઉત્સવ મનાવવામાં આવ્યો. આ પ્રસંગે “FLO પાવર એન્ડ પર્પઝ એવોર્ડ્સ” પણ આપવામાં આવ્યા, જેમાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવ્યા.

સમારોહ દરમિયાન અધ્યક્ષા શિવાની પી. પટેલે પોતાની જવાબદારી સ્મિતા જાટિયાને સોંપી, જેઓ નવી અધ્યક્ષા તરીકે કાર્યભાર સંભાળશે. સાથે નેહા પટેલ સિનિયર ચેરપર્સન અને બિનિતિ ત્રિવેદી વાઈસ ચેરપર્સન તરીકે નિયુક્ત થયા. FLO વડોદરાના પાંચમા વર્ષમાં પ્રવેશનો આ મહત્વપૂર્ણ અવસર રહ્યો.




વર્ષ દરમિયાન FLO વડોદરાએ મહિલા સશક્તિકરણ, ડિજિટલ સાક્ષરતા અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે. લગભગ 8,700 મહિલાઓને ડિજિટલ તાલીમ, 3,600ને આરોગ્ય જાગૃતિ, અને 1,700થી વધુ મહિલાઓને કૌશલ્ય તાલીમ આપવામાં આવી હતી. સાથે 7,200 વૃક્ષો વાવ્યા અને 1,900 કિલો ઈ-વેસ્ટનું સંચાલન કરવામાં આવ્યું હતું. નવાં નેતૃત્વે Engage, Empower અને Evolveના મંત્ર સાથે મહિલાઓના સર્વાંગી વિકાસ તરફ આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# CGCTCની 5મી એક્ઝિક્યુટિવ કમિટી મીટિંગમાં યોજાયેલા કાર્યોક્રમોની ચર્ચા




(પ્રતિનિધિ) વડોદરા તા.19

વર્ષ 2025-26ની CGCTCની ૫મી એક્ઝિક્યુટિવ કમિટી મીટિંગ તા. 18 માર્ચે કુબેરભવન સ્થિત CGCTC ચેમ્બર રૂમ ખાતે યોજાઈ હતી. મીટિંગમાં કુલ 29 સભ્યો હાજર રહ્યા હતા અને તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લીધો હતો.

પ્રમુખ દીપકભાઈ અમીનએ સભ્યોનું સ્વાગત કરી મોટી સંખ્યામાં હાજરી બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. છેલ્લા બે મહિનામાં યોજાયેલા સ્ટડી સર્કલ સેમિનાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કાર્યક્રમ, ક્રિકેટ ટુર્નામેન્ટ અને યુનિયન બજેટ કાર્યક્રમના સફળ આયોજન બદલ કારોબારી સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

સચિવ ધર્મેશભાઈ ગાંધી દ્વારા અગાઉની મીટિંગની કાર્યવાહી રજૂ કરી સંમતિ મેળવી હતી, જ્યારે ખજાનચી મનીષભાઈ શાહે ચેમ્બરના હિસાબો રજૂ કર્યા હતા. ક્રિકેટ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ રહેલી ટીમને ટ્રોફી વિજયભાઈ શાહ અને ઉપેન્દ્રસિંહ ચાવડાને અર્પણ કરવામાં આવી હતી. મીટિંગમાં નવા સભ્યપદ અરજીઓ મંજૂર કરાઈ અને આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી. વરિષ્ઠ સભ્યો દ્વારા કાર્યક્રમોના સફળ આયોજન બદલ પ્રશંસા કરવામાં આવી. અંતે તમામ સભ્યોના સહયોગ બદલ આભાર વ્યક્ત કરીને મીટિંગ પૂર્ણ કરવામાં આવી હતી.